# સમગ્ર જ્ઞાતિજનોને વિનંતી

## બાલાર્ક સેવા સમિતિ

✤ બાલાર્ક સેવા સમિતિને જે કોઈ દાન આપ આપશો તે ઈન્કમટેક્ષ ૮૦જી મુજબ Exemptions મળેલ છે. જેનો નંબર નીચે આપેલ છે. જેની નોંધ લેવી.


**BALARK SEWA SAMITI**
**INCOMEAX (EXEMPTIONS)**
**NO DIT (E) 80G (5) / 492 / 06-07**
**VALID FROM 01-04-2006 TO 31-03-2008**

✤ બાલાર્ક સેવા સમિતિ દ્વારા પરદેશમાંથી દાન મેળવવા FCRA Delhi Rules 1976ને અરજી કરેલ પણ બે વખત અલગ-અલગ કારણે પરમીશન મળેલ નથી. જેથી પરદેશમાં વસતા જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કે અમે કોઈપણ ફોરેન એક્ષચેન્જ કરન્સી બાલાર્ક સેવા સમિતિ દ્વારા ચેક કે કેશથી સ્વીકારી શકતા નથી. માત્ર તે રૂપિયામાં જ સ્વીકારી શકાય તો તે બાબતે સહકાર આપવા વિનંતી. આ ફોજદારી ગુનો હોવાથી કોઈપણ ફોરેન કરન્સી ચેક કે કેશ દ્વારા સ્વીકારી શકાતી નથી તે માત્ર રૂપિયામાં જ સ્વીકારી શકાય છે તો બાબતે સહકાર આપવા વિનંતી.

✤ પરદેશમાંથી શ્રી દિપકભાઈ ભટ્ટ, શ્રી સુભાષભાઈ ઉપાધ્યાય, શ્રી મહેશભાઈ પંડ્યા, શ્રી ડૉ. રોહિતભાઈ શુક્લ, શ્રી રવિન્દ્રભાઈ જોષી, શ્રી અભયભાઈ જોષી (આફ્રિકા), શ્રી નરેન્દ્રભાઈ પંડ્યા, શ્રી ઘનશ્યામભાઈ અમીન, શ્રી ચિંતનભાઈ ભટ્ટ અને ખાસ તો શ્રી સંદીપભાઈ ભૂપેન્દ્રભાઈ ઠાકર કે જેમણે જમણવાર - શિષ્યવૃત્તિ તેમજ તેમનાં મિત્રો દ્વારા જે મદદ કરેલ છે અને કરી રહેલ છે તે માટે ધન્યવાદને પાત્ર છે. દર વર્ષે તેઓ ૩૬૫ ડૉલર દસ વર્ષ સુધી સંસ્થાને આપશે જે માટે તેમને બે હાથે વંદન. બીજા ઘણાં જ્ઞાતિજનો પણ મદદ કરે છે. બાલાર્ક સેવા સમિતિ પરદેશમાં રહેતા જ્ઞાતિજનો પાસે વસ્તીપત્રકમાં માહિતી આપવા ઈ-મેલનો ઉપયોગ કરી મોકલશે તો વેબસાઈટમાં અપગ્રેડેશન કરવામાં આવશે. આ બાબતમાં યુએસએ, આફ્રિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલીયા અને બીજા દેશોમાં વળી આ ઉપરાંત પણ અમને માહિતી ન હોય તેવા દેશોમાંથી માહિતી મોકલશો તો અમે આપના આભારી બનીશું. આ બાબતમાં બીજા જ્ઞાતિજનોને માહિતગાર કરીને મદદ કરી શકો છો.

✤ જ્ઞાતિમાં ઘણા ટ્રસ્ટો છે જેમને માહિતિ આપવાના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને અને કાયદાકીય અજ્ઞાનતા દુર કરવાના આશયથી અમે વસ્તીપત્રકમાં વેબસાઈટ પર પણ અમારા બંધારણમાં જે ફેરફાર થયેલ છે તે અને ફેરફાર રીપોર્ટ મંજુર થયેલ છે તે અને જજમેન્ટની નકલ (કોપી) છાપી છે જેથી ગેરસમજ ઉભી કરતા ટ્રસ્ટો અને સંસ્થાને બદનામ કરતાં થોડાક મુઠ્ઠીભર જ્ઞાતિજનોને કાયદા વિશે જાણકારી થાય અને સાચી વસ્તુ જ્ઞાતિ સુધી પહોંચાડવાનો અમારો નમ્ર પ્રયાસ તે કોઈને કે સંસ્થાને બદનામ કરવાનો નથી પણ સંસ્થા વિશે અમારી વિરુધ્ધ અરજી કરે છે એવા ખોટા ભ્રામક પ્રચારથી જ્ઞાતિજનોને સાચી માહિતિ મળે તે માટેનો અમારો સતત પ્રયાસ છે. જો જ્ઞાતિજનો જાગ્રત હશે તો જે રજીસ્ટર્ડ ટ્રસ્ટો છે તેમની પાસેથી ચેઈન્જ રીપોર્ટની કોપી અને બંધારણમાં ફેરફાર થયેલ તેની કોપી માગી જાગ્રત કરવાથી જ જ્ઞાતિના ટ્રસ્ટો બચી શકશે. જે જવાબદારી માત્ર જ્ઞાતિજનોની જ છે. જો કુંભકર્ણ કે ધૃતરાષ્ટ્ર બનીને જીવશો તો બાલામાતા આપણને માફ નહીં કરે.

✤ સમગ્ર જ્ઞાતિ માટેની માહિતિ અને ઐતિહાસિક લેખ લખી આપનાર સમગ્ર ભારતમાં જેમની નામના છે તેવા ઈતિહાસવિદ શ્રી ડૉ. રસેશ જમીનદાર (રાવજીભાઈ જમીનદાર) ની સંસ્થા ખાસ ઋણી છે. તેમના યોગદાનની બાલાર્ક સેવા સમિતિ બે હાથે વંદન કરી તેમના પ્રશંસનીય કાર્યને બીરદાવે છે. ફરીથી સંસ્થા તેમની ઋણી છે અને આ રીતે તેમની સતત સેવા જ્ઞાતિજનોને મળે અને તે દિર્ઘાયુ બને તેવી બાલામાતાને પ્રાર્થના.




**Dr. Rasesh Jamindar**
Former Professor & Head
Department of History & Culture
Gujarat Vidyapith, Ahmedabad
Resi. : 10-B, Vasu Aparments,
Nr. Shreeji Palace, Naranpura,
Ahmedabad 380 013. Ph. 27683365
E-mail : mjamindar@hotmail.com


Former & Present Positions

- Co-Editor, Vidyapith, Research Journal (1977-1994)
- President, Gujarat Itihas Parishad (1990-1992)
- President, Indian History & Culture Society, New Delhi (1997-1998)
- Vice-Chairperson, Indian History & Culture Society (1990-1996)
- Member, Archival Council, Gujarat State (Since 1990)
- Member, Advisory Committee, State Archeology (Since 1995)
- Senior Fellow, I.C.H.R.New Delhi (1996-1997)
- Faculty, IAS Training Centre, Sardar Patel Seva Samaj (Since 1995)
- Expert Historian, U.P.S.C., New Delhi (Since 1987)
- Academic Associations, 2- Indian Universities (Since 1980)

❖ બાલાર્ક સેવા સમિતિની વેબસાઈટ

**: Website :**
**www.balarksevasamiti.com**
**www.balarkgaurav.com**
**: Email : info@balarksevasamiti.com**

**આપ આપની તમામ માહિતિ વેબસાઈટ પર જોઈ શકો છો.**

❒ જો કોઈ ફેરફાર હોય તો પોસ્ટ-ઈમેલ દ્વારા અમને જાણ કરવાથી વેબસાઈટ પર સુધારાવામાં આવશે.

❒ જે જ્ઞાતિજનોએ જાહેરાત આપેલ છે તે એક વર્ષ સુધી રહેશે. નવી જાહેરાતો આવકાર્ય છે.

❒ જે જ્ઞાતિજનો જાહેરાત આપવા માગતા હોય - ડોનેશન આપવા માગતા હોય તેમણે ઈમેલ દ્વારા અથવા પોસ્ટથી જાણ કરવાની રહેશે.

❒ વસ્તીપત્રક કે મેગેઝીન ઘરે- ઘરે મોકલવાની કે પહોંચાડવાની કોઈપણ જાતની જવાબદારી સંસ્થાની નથી. જો તે આપને ન મળે તો પ્રતિનિધિઓ પાસેથી જ મેળવી લેવાની જવાબદારી દરેક જ્ઞાતિજનની છે.

❒ માહિતિમાં સુધારો-ફેરફાર કરવાની સત્તા ફક્ત ટ્રસ્ટ પાસે જ છે.

❒ પરદેશ-મુંબઈ-એ થી ઝેડ અલગ-અલગ નાના ગામ વિગેરે અને દરેક ગામ/શહેરના પ્રતિનિધિઓ દ્વારા જ વસ્તીપત્રક મેગેઝીન / નોટબુક મેળવવાની જવાબદારી જ્ઞાતિજનોની રહેશે. આ જવાબદારી કોઈપણ સંજોગોમાં સંસ્થા લઈ શકે તેમ નથી. સંસ્થાના ટ્રસ્ટીઓ-કાર્યકરો-હોદ્દેદારો પોતાની સ્વેચ્છાથી જ કામ કરે છે. જે કોઈપણ જાતના દ્વેષભાવ સાથે કામ કરતા નથી. તો તેમને સહકાર-આવકાર આપવાની જવાબદારી જ્ઞાતિજનોની છે. આ સ્વૈચ્છિક જ્ઞાતિના-વિદ્યાર્થીઓ-મહિલાઓ-આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટેની સંસ્થા છે. જેમાં ઈર્ષા-અહમ્-મમત્વ-સ્વાર્થની કોઈ જ ભાવના કે હેતુ નથી જેની ગંભીર નોંધ લેવી.

❒ જો લગ્ન-જન્મ-મૃત્યુ અથવા બીજી કોઈ માહિતિ આધારભુત સ્વરૂપે લેખિત નામ સાથે આપવામાં આવશે તો સંસ્થા જરૂર છાપશે પણ તે છાપવી કે કેમ તે સંસ્થા નક્કી કરશે જેમાં કોઈપણ જ્ઞાતિજન હકક દાવો કરી શકશે નહીં. સંસ્થા કદી નનામા પત્રો અથવા નામ વગરની કોઈ માહિતી છાપતી નથી, જેની નોંધ લેવા વિનંતી. તમારા વ્યકિતગત ઘરના પ્રશ્નો સાથે સંસ્થાને કોઈ જ લેવા-દેવા નથી.

❒ જો કોઈ ટ્રસ્ટ મંડળ સ્વ. બટુકભાઈ ભાઈશંકર ઠાકર ટ્રસ્ટની જેમ સહયોગ માંગતી હોય તો સંસ્થા તેમને સહયોગ આપવા તૈયાર છે. જેમકે વડોદરા મંડળના પ્રમુખશ્રી રામજીભાઈ જોષી, ડૉ. હિતેશભાઈ ઠાકર તેમજ તેમના હોદ્દેદારોનો સહયોગ વળી, આણંદ મંડળનો પણ સહયોગ મળેલ છે. તે બદલ સંસ્થા તેમને ધન્યવાદ આપે છે. છેવટે, સંસ્થા - મંડળો - ટ્રસ્ટો જ્ઞાતિ માટે જ કામ કરતાં હોય છે. જેમાં સ્પર્ધા અથવા મારા-તારા જેવા ભેદભાવ હોઈ જ ન શકે. આવો, આપણે સાચા બાલાર્ક બની બાલામાતાની સેવા કરીએ.

**મંત્રી - ચંદ્રકાન્ત ભટ્ટ**

